# અરવલ્લી જિલ્લાના પ્રજાજનો રૂપિયા મેળવવા એ.ટી.એમ. ફંફોસતા નજરે ચડ્યા

## લગ્નસરાની મોસમમાં એટીએમ ખાલી રખાતા પ્રજાજનો મુશ્કેલીમાં મુકાયા

નોટબંધીને છ મહિના જેટલો સમયગાળો વીતવા છતાં જિલ્લાવાસીઓને તેમના મહેનતની કમાણીના રૂપિયા મેળવવા રીતસરના ફાંફા પડી રહ્યા છે. હાલમાં લગ્નસરાની મોસમ ચાલી રહી છે. ત્યારે જિલ્લાભરના એટીએમ મશીનો ખાલી રહેતા રૂપિયા મેળવવા રીતસરના રઝળપાટ કરી રહ્યા છે. માંડ-માંડ જવલ્લે જ નાણાં મળતા એ.ટી.એમ. મશીનો પર કરાતો યથાવત જોવા મળી છે. ગ્રામ્ય વિસ્તારોમાં નોટબધીના સમયથી બંધ પડેલા એ.ટી.એમ.ના શટરો આજદિન સુધી ન ખુલતા ગ્રામ્ય વિસ્તારોમાં બેંકોનો વહીવટ ખાડે ગયો હોય તેવું ગામડાના લોકો અનુભવી રહ્યા છે. જિલ્લાની વિવિધ બેંકોમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓ કેશનો અભાવ હોવાનું જણાવી જવાબદારીમાંથી છટકી રહ્યા છે. જિલ્લા કલેકટર દ્વારા બેંક અધિકારીઓ સાથે વાતચીત કરી પ્રજાજનોને તેમના હક્કના રૂપિયા મેળવવા પડતી હાલાકી સત્વરે દૂર કરવામાં આવે તે ખૂબ જ જરૂરી છે.






અરવલ્લી જિલ્લા સહિત મુખ્યમથક મોડાસા શહેરના તમામ એટીએમ મશીનો બંધ રહેતા પ્રજાજનો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. જિલ્લાના ગામડાઓમાંથી એ.ટી.એમ. મશીનમાંથી રૂપિયા ઉપાડવા શહેરો તરફ દોટ ભરતા જિલ્લાવાસીઓને ધરમધક્કા ખાવાની સાથે રૂપિયા મેળવવાની આશાએ એક એટીએમથી બીજા એટીએમ તરફ બરબપોરે અને કાળઝાળ ગરમીમાં દોડાદોડી કરી કંટાળો અનુભવી રહ્યા છે. મોડાસા શહેરના એ.ટી.એમ. મશીનોના શટર પાડી દેવામાં આવ્યા છે અને ખુલ્લા એટીએમ મશીનોમાં રૂપિયા મેળવવા લોકો એટીએમ મશીનો ફંફોસી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલા પશુપાલકોની હાલય દયનીય બની ગઈ છે. તેમના પગારો સીધા તેમના બેંક અકાઉન્ટમાં જમા થતા હોવાથી અને રૂપિયા બેંકો અને એટીએમ મશીનોમાં રોકડનો અભાવ હોવાનું જણાવી બેંકના સત્તાધીશો હાથ અધ્ધર કરી દેતા હોવાથી જીવનનિર્વાહ ચલાવવા અને પશુઓને ખવડાવવા દામ અને પશુઆહાર ખરીદવા ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

મોડાસા શહેરના એક એટીએમ મશીનમાંથી રૂપિયા નિકાળવા ગ્રામ્ય વિસ્તારમાંથી આવેલા એક પેન્શનર વૃદ્ધના જણાવ્યા અનુસાર જિલ્લામાં નાણાંકીય કટોકટી સર્જાયી હોય તેવી સ્થિતિ નોટબંધીના સમય બાદ જોવા મળી રહી છે. દેશને આઝાદીના ૬૯ વર્ષમાં સૌપ્રથમ વાર પ્રજાજનોને તેમના મહેનતના અને હક્કના નાણાં મેળવવા કરતી પડતી રઝળપાટ અને છતા પૈસે ઉધારીથી વ્યવહાર સાચવવા પડતા હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે.

# મલાણામાં રિસોર્ટ માલિકો અને ગ્રામજનો આમને-સામને


### મલાણામાં રસ્તાને મામલે મામલો બીચક્યો : ગૌચર પચાવી પાડવાના હેતુથી રિસોર્ટ માલિકોએ મંજૂરી વગર રસ્તો કાઢતા ઘર્ષણ સર્જાયું

પાલનપુર તાલુકાના મલાણા ગામના ગૌચરમાથી ગેરકાયદેસર રસ્તો કાઢવાને મામલે ગ્રામજનોના વિરોધને પગલે રિસોર્ટ માલિક દ્વારા ગ્રામજનો પર હુમલો કરાયો હતો. જેને પગલે ઘર્ષણ સર્જાતા ડી વાય એસ પી સહિત તાલુકા પોલીસનો કાફલો મલાણા ગામે દોડી ગયો હતો.



આશરે ૩ કરોડ ની કિંમત ની ગૌચર ની જમીન પચાવી પાડવાના આક્ષેપો વચ્ચે મલાણા ના સર્વે નં ૫૫૩ મા શકિત ધારા પ્રાઈવેટ લિમિટેડનું એક રિસોર્ટ બની રહ્યું છે. જેને ગ્રામ પંચાયતનો કાયદેસર રસ્તો મળેલ છે. પરંતુ રિસોર્ટ માલિકોને મુખ્ય માર્ગ પર થી અવર જ્વર મા અનુકૂળ રહે અને આટલા મોટા ગૌચર પર કબજો જમાવવાની મનોવૃત્તિથી આ ગૌચરમાં કોઈપણ જાતની મંજૂરી વગર રસ્તો બનાવવાનું કામ હાથ ધરતા ગ્રામજનો એ આ રસ્તા નું કામ અટકાવ્યું હતું. જે મામલે ડી.વાય.એસ.પી જનકાન્ત સહિત તાલુકા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો.

કરોડો ની કિંમત ની ગૌચર ની જમીન પર રિસોર્ટના માલિકોનો ડોળો છે. ત્યારે ગેરકાયદેસર રસ્તાને મામલે આજે મલાણા ગામમા હોબાળો મચ્યો હતો. ગૌચરની જમીનમા રિસોર્ટ માલિકોએ ગેરકાયદેસર રસ્તાનું કામ હાથ ધરતા ગ્રામજનોએ આ કામ અટકાવ્યું હતું. જેને પગલે રિસોર્ટના માણસોએ ગ્રામજનો પર છરી જેવા હથિયારો વડે હુમલો કરતા ગ્રામજનો અને રિસોર્ટના માણસો વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. જોકે, ગ્રામજનોએ આ હથિયારો છીનવી લઈ પોલીસને જાણ કરી હતી. અને રિસોર્ટ માલિકોની દાદાગીરીને પગલે મલાણા ગામ એકત્ર થયું હતું. રસ્તાને મુદ્દે ગ્રામજનો પર હુમલો કર્યો હોવાનું કહેવાય છે ત્યારે ઘટના સ્થળે પહોંચેલી પોલીસ સમાધાન ના પ્રયાસો મા લાગી હતી.



## અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં પલટો આવતા ગરમીથી રાહત

અરવલ્લી જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી તાપમાનનો પારો ૪૨ થી ૪૪ ડીગ્રી સે. પહોંચતા ગરમીથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ જવા પામ્યું છે. દમરિયાન ગ્લોબલ વોર્મિંગની અસર હેઠળ જીલ્લામાં વાદળોના આવનજાવન અને વૈશાખી વાયરાઓની વચ્ચે વાતાવરણમાં પલ્ટો આવતા આકાશે વાદળો ચઢી આવતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે અને તાપમાનનો પારો નીચે આવતા લોકોને રાહત થઈ છે.

# સમાજના સાચા ડૉકટર પોલિટિશિયન છે : શંકરસિંહ

બાયડ, તા.૧૪

વિધાનસભા વિપક્ષ નેતા શંકરસિંહ વાઘેલા આજે બાયડ માં રેલવે ફાટક નજીક આવેલી માહી સર્જીકલ હોસ્પિટલ ના ઉદઘાટન માં હાજરી આપી હતી અને રીબીન કાપી હોસ્પિટલ નું ઉદ્ઘાટન કર્યું હતું ત્યારે તે પ્રસંગે મીડિયા સાથે ની વાતચીત માં તેમને જણાવ્યું હતું કે ચૂંટણી લડવા તેમજ અખિલેશ આજમખાન ના શહીદો બાબતે આપી પ્રતિક્રિયા આપી હતી.

કોંગ્રેસ ના વિધાનસભા વિપક્ષ નેતા શંકરસિંહ વાઘેલા આજે તેમના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા ના મતવિસ્તાર બાયડ માં માહી સર્જીકલ હોસ્પિટલ ના ઉદઘાટન માં હાજરી આપવા આવ્યા હતા જ્યાં તેઓએ આગામી વિધાનસભા ની ચૂંટણી લડવા બાબતે જણાવ્યું હતું કે ચૂંટણીઓ બહુ લડ્યા હવે સમાજ ના પ્રશ્નો માટે લડવા નું છે તેમજ આજમખાન અને અખિલેશ યાદવે ગુજરાત માં કોઈ શહીદ નથી એ બાબતે કરેલા વિવાદાસ્પદ નિવેદન બાબતે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે આ નિવેદન રાજકીય નિવેદન હતું સમાજ નો ડોક્ટર પોલિટિશિયન છે તેમ જણાવ્યું હતું.



# પ્રાંતિજ તપોધન બ્રાહ્મણ સમાજ દ્વારા નવચંડી યજ્ઞ

### શ્રી કુળ દેવી મહાકાલી માતાનો યજ્ઞ યોજાયો : રાવલ સમાજનાં ભાઇઓ - બહેનોએ દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી

પ્રાંતિજ તા.૧૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તપોધન ફડી ખાતે આવેલ શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે રાવલ સમાજ ના ભાઈઓ દ્વારા શ્રી કુળ દેવી માતાજીનું સમુહ નવચંડી યજ્ઞ યોજાયું.





પ્રાંતિજ તપોધન ફડી ખાતે રહેતાં તપોધન બ્રાહ્મણ સમાજનાં રાવલ ભાઈઓ દ્વારા તા.૧૪/૫/૨૦૧૭ ને રવિવાર ના રોજ સમુહ નવચડી યજ્ઞ યોજાયું હતું જેમાં પ્રાંતિજ ખાતે રહેતાં રાવલ સમાજના ભાઈ-બહેનો તથા ગાંધીનગર, અમદાવાદ, હિંમતનગર, મુંબઈ વગેરે સ્થળોએ ધંધા અર્થે ગયેલ સમગ્ર રાવલ સમાજનાં ભાઈઓ દ્વારા તપોધન ફડી ખાતે શ્રી કુળ દેવી મહાકાલી માતાનું યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાવલ સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં જયારે સમાજ ના ભાઈઓ વતી હવન યજ્ઞનો લાભ રાવલ સુનીલ ભાઈ રવિશંકરભાઈ ને મળ્યો હતો. જયારે સમાજના ભાઈ- બહેનો દ્વારા હવનનો લાભ લઈને દર્શન કરી મહાપ્રસાદ લઈને ધન્યતા અનુભવી ભવી હતી જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન આયોજન પ્રાંતિજ ખાતે રહેતાં સમગ્ર તપોધન બ્રાહ્મણ સમાજના ભાઈઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

## પાલનપુરમાં ઝાડ પર દોરીમાં ફસાયેલ ઘુવડ પક્ષીને છોડાવતા જીવદયાપ્રેમીઓ

પાલનપુરમાં ઘણા સમયથી જીવદયાના સેવામંત્ર સાથે કાર્યરત પ્રજેશ પઢિયાર (પપ્પુ) ને શહેરના એક વિસ્તારમાં વૃક્ષ ઉપર પતંગની દોરીમાં એક ઘુવડ નામનું પક્ષી ફસાઈ ગયાનો ફોન આવતાં જ પ્રજેશે એક દેવીપૂજક ઈસમનો સંપર્ક કરી તેને ઝાડ પરથી ઘુવડ ઉતારવાનું મહેનતાણું ચૂકવી સલામત રીતે નીચે ઊતારવામાં આવેલ હતું.

ત્યારબાદ દિલ્હીગેટમાં આવેલ ચાની જાણીતી હોટલ રૂપાલીમાંઆવીક એક કાર્ટુન (બોક્ષ)માંથી ઘુવડ બહાર કાઢી પ્રજેશ સાથે તેના સહાધ્યાયી જીવદયા પ્રેમી રાજુ ભાઈએ અને પડોશી દુકાનકારે કાતરથી ખુબ જ સાવધાનપૂર્વક તેની પાંખોમાંથી પતંગની દોરીની ગૂંચો કાઢી કાતરથી કાપીને મુક્ત કરી વનવિભાગને સોંપી સાચા અર્થમાં પક્ષીપ્રેમ જીવદયા નીભાવતા ખુશી વ્યક્ત કરી હતી.



## ભિલોડામાં ડુંગરી ગરાસિયા આદિવાસી પરમધામ ખુલ્લુ મુકાયું

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં મોટા ભાગની વસ્તી આદિવાસીઓની છે કોઈ સ્મશાન ભિલોડા માં ન હતું જેથી સમાજના દાતાઓ દ્વારા ભિલોડા હાથમતી નદી કિનારે ડુંગરી ગરાસિયા આદિવાસી પરમધામ ને ખુલ્લું મુકાયું હતું. આદિવાસી સમાજ નું કોઈ સ્મશાન ભિલોડા ખાતે ન હોવાથી કોઈ સ્વજન મૃત્યું પામે ત્યારે ખૂબ જ તકલીફ પડે છે અને ભિલોડા ખાતે અંતિમ વિધિ કરવાનું થાય ત્યારે વિસંગતા ઉભી થાય છે જેથી ગુજરાત આદિવાસી સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા ભિલોડા ગ્રામ પંચાયતના સહયોગથી હાથમતી નદી કિનારે દાતાઓના સહયોગથી ડુંગરી ગરાસિયા આદિવાસી પરમધામને નીવૃત અધિકારી ડી. બી. ડામોર, બી. કે. ડામોર, કે. ડી. ડામોર, બી. વી. ખરાડી, કુન્દનબેન ડામોર, અંબીકાબેન જી.ગામેતી, રાશિકાબેન ખરડી, ગોરધનભાઈ ગામેતી, ડૉ.દિનેશ ડામોર, પી.જે. અસારી સહિત આદિવાસી સમાજના આગેવાનોની ઉપસ્થિતિમાં ખુલ્લું મુકાયું હતું.

## ઊંઝામાં સગીરાના અપહરણની ફરિયાદ

ઊંઝા, તા. ૧૪

ઊંઝા ખાતે વૈજનાથ મહાદેવની પાછળના ભાગે રહેતા એક શ્રમિક પરિવારની સગીરવયની દીકરીનું જારકર્મ કરવાના ઈરાદે અપહરણ કરવામાં આવ્યું હોવાની ફરિયાદ થયેલ છે. મૂળ પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના બાબરા ગામના વતની અને હાલમાં ઊંઝા ખાતે વૈજનાથ મહાદેવની પાછળના ભાગે રહેતા રબારી મેવાભાઈ સગમાભાઈની સગીરવયની બહેનને રાત્રિના સમયે કોઈ શખ્સ જારકર્મ કરવાના ઈરાદે કયાંક ભગાડી ગયેલ છે. આ બાબતે ઊંઝા પોલીસે અપહહણનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બનાસ ડેરીનાં વેસ્ટ પાણીમાંથી વાર્ષિક ૧૨૦ લાખ રૂપિયાનો બાયોગેસનું ઉત્પાદન શરુ

એશિયાની સુવિખ્યાત બનાસ ડેરીની યસ કલગીમાં એક નવું પીંછુ ઉમેરાયું છે. આજ રોજ બનાસ ડેરીના ચેરમેન અને ગુ.સ. મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે બાયોગેસ પ્યોરીફિકેશન પ્લાન્ટનું ઉદ્ ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્લાન્ટથી ઈંધણની બચત અને પર્યાવરણની જાળવણી કરવામાં ખૂબ જ ઉપયોગી થશે .

બનાસ ડેરીમાં પ્રોડક્શન પ્લાન્ટની સફાઈ દરમિયાન નીકળતું વેસ્ટેજ પાણી ઈ .ટી પી પ્લાન્ટમાં જાય છે. વેસ્ટ વોટરની ટ્રીટમેન્ટ કરીને બાયોગેસ ઉત્પાદન કરવામાં આવે છે તેના લીધે ઈ .ટી પી પ્લાન્ટમાં રોજનો (દૈનિક )૨૪૦૦ ક્યુબીક મીટર બાયોગેસનું ઉત્પાદન થશે.



આ બાયોગેસનું સ્ટોરેજ કરીને તેનું શુદ્ધિકરણ કરીને બોયલર પ્લાન્ટમાં સપ્લાય કરીને વરાળનું ઉત્પાદન કરવમાં આવે છે. બનાસ ડેરીમાં બોયલર પ્લાન્ટના આ ગેસ વાપરવાથી ઈંધણમાં વાર્ષિક રૂપિયા ૧૨૦ લાખનો ફાયદો થશે .આ બાયોગેસના બોયલરમાં ઉપયોગ થવાથી પર્યાવરણની જાળવણી કરવામાં ખૂબ જ મદદરૂપ થશે.

આ બાયગેસ પ્યોરીફિકેશન પ્લાન્ટના ઉદઘાટન પ્રસંગે બનાસ ડેરીના વાઈસ ચેરમેનશ્રી માવજીભાઈ દેસાઈ, બનાસ ડેરીના બોર્ડ ડિરેક્ટરશ્રી જોઈતાભાઈ પટેલ, ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેકટરશ્રી બીપીનભાઈ પટેલ અને સિનીયર અધિકારીઓ હાજર રહ્યા હતા.

# પાલનપુરમાં યુવકને તલવારના ઘા મરાયા

પાલનપુર ના થુંબડા વિસ્તારમા ઈરફાન નામના એક યુવક ને તલવાર ના ઘા મરાતા ચકચાર મચી ગઈ હતી. જુગાર ન રમવાનું કહેવા જતા ચાર થી પાંચ ઈસમો એ હથિયારો વડે હુમલો કરતા આ યુવક સહિત તેના માતા અને પિતા ને ઈજાઓ પહોંચી હતી. જેઓ ને સિવિલ મા ખસેડાયા હતા. જુગાર અને અસામાજિક પ્રવૃત્તિ નો હબ બની ગયેલા પાલનપુર પૂર્વ પોલીસ મથક ના તાબા હેઠળ ના થુંબડા વિસ્તાર મા ઈરફાન નાગોરી નામના હોલસેલ દવાઓ ના વેપારી પર આ વિસ્તાર ના ચાર થી પાંચ ઈસમો એ તલવાર વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. આ યુવક ના ઘર નજીક જ જુગાર રમાતો હોવાથી જુગાર ન રમવાનું કહેવા જતા આ ઈસમો એ હથિયારો વડે હુમલો કર્યો હતો. જોકે આ યુવક ને છોડાવવા ગયેલા તેના માતા અને પિતા પર પણ હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. આ હુમલાના ભોગ બનનાર માતા જમીલાબેન અને પિતા અબ્દુલ રહેમાન અને પુત્ર ઈરફાનને પાલનપુર સિવિલમા સારવાર લઈ રહ્યા છે. જ્યારે પીડિત યુવકે પોલીસ ફરિયાદ ની તજવીજ હાથ ધરી હતી.

